ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# વડોદરા-છોટાઉદેપુર



## સંક્ષિપ્ત સમાચાર

### પાદરાના શ્રી વાઘેશ્વરી માતા મંદિરે ૧૦૦ કિલો કેરીના મનોરથનું ભવ્ય આયોજન



**પાદરા :** પાદરા નગરના ઝંડા બજાર વિસ્તારમાં આવેલ વર્ષો જૂનું અને ઐતિહાસિક શ્રી વાઘેશ્વરી માતાનું મંદિર ખાતે સોની સમાજ દ્વારા ૧૦૦ કિલો કેરીના મનોરથનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં ભક્તોએ ઉપસ્થિત રહી માતાજીના દર્શન કરી ધર્મલાભ મેળવ્યો હતો. ઉલ્લેખનીય છે કે શ્રી વાઘેશ્વરી માતાનું મંદિર પાદરાના શ્રીમાળી સોની સમાજની આસ્થા અને શ્રદ્ધાનું કેન્દ્ર છે. મંદિરનો જીર્ણોદ્ધાર શ્રીમાળી સોની સમાજ દ્વારા કરવામાં આવ્યો હતો. વર્ષ દરમિયાન અહીં અનેક ધાર્મિક મહોત્સવો, અખંડ નવચંડી યજ્ઞ, હવન તેમજ વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે, જેમાં સમાજના લોકો ઉત્સાહભેર ભાગ લે છે. મંદિરના ટ્રસ્ટી મંડળ દ્વારા વિવિધ ધાર્મિક ઉત્સવોનું સુચારૂ આયોજન કરવામાં આવે છે. અગાઉ મંદિરનો વહીવટ પાદરાની જ્વેલર્સ પેઢી દ્વારા સંભાળવામાં આવતો હતો, જ્યારે હાલમાં મંદિર ટ્રસ્ટ મંડળ દ્વારા વહીવટ અને સંચાલન કરવામાં આવી રહ્યું છે. આજરોજ યોજાયેલા ૧૦૦ કિલો કેરીના મનોરથમાં માતાજીને કેરીનો વિશેષ શણગાર.

### બોડેલી તાલુકાના જબુગામ ખાતે જન કલ્યાણ શિબિર યોજાઈ



**બોડેલી :** વિકસિત ગુજરાત-2047ના સંકલ્પને સાકાર કરવા માટે રાજ્ય સરકાર દ્વારા વિવિધ જનકલ્યાણકારી યોજનાઓને લોકો સુધી પહોંચાડવાના પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે. જેના ભાગરૂપે બોડેલી તાલુકાના જબુગામ ખાતે જન કલ્યાણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. શિબિરમાં આરોગ્ય સહિત વિવિધ વિભાગોની સેવાઓ એક જ સ્થળે ઉપલબ્ધ કરાવવામાં આવતાં મોટી સંખ્યામાં લોકોએ લાભ લીધો હતો. બોડેલી તાલુકાના જબુગામ ગ્રામપંચાયત કચેરી ખાતે જન કલ્યાણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જબુગામ જિલ્લા પંચાયત વિસ્તારના નાગરિકો માટે યોજાયેલી આ શિબિર બોડેલી પ્રાંત અધિકારી ભૂમિકા રાઉલ, તાલુકા વિકાસ અધિકારી તથા બોડેલી મામલતદારના નેતૃત્વમાં યોજાઈ હતી. શિબિર દરમિયાન આરોગ્ય વિભાગ દ્વારા વિવિધ આરોગ્યલક્ષી અને કલ્યાણકારી યોજનાઓનો લાભ નાગરિકોને સ્થળ પર જ આપવામાં આવ્યો હતો. મફત હેલ્થ ચેક-અપ, એ.એન.સી. ચેક-અપ, આયુષ્માન કાર્ડ રજીસ્ટ્રેશન, આયુષ્માન વય વંદના યોજના, નમો શ્રી યોજના તેમજ પી.એમ.જે.એ.વાય. હેઠળ કેવાયસી જેવી વિવિધ સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી.

### પાદરામાં પુરુષોત્તમ માસ નિમિત્તે પુરુષોત્તમ યજ્ઞ યોજાયો, ૫ બહેનોએ ભાગ લીધો



**પાદરા :** પાદરા સ્થિત બેઠક મહાપ્રભુજી મંદિર હવેલી ખાતે પવિત્ર પુરુષોત્તમ માસ અંતર્ગત VYS ગ્રુપ દ્વારા પુરુષોત્તમ યજ્ઞનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. ધાર્મિક વાતાવરણ વચ્ચે યોજાયેલા આ યજ્ઞમાં મોટી સંખ્યામાં વૈષ્ણવ ભક્તોએ ઉપસ્થિત રહી ધર્મલાભ મેળવ્યો હતો. યજ્ઞનો પ્રારંભ બપોરે ૩ કલાકે થયો હતો. પાદરાના વિદ્વાન બ્રાહ્મણ સપન જોષી સહિત કુલ ૭ બ્રાહ્મણોના વૈદિક મંત્રોચ્ચાર સાથે યજ્ઞવિધિ સંપન્ન કરવામાં આવી હતી. યજ્ઞમાં ૭ યુગલો તેમજ ૫ બહેનોએ યજમાન તરીકે લાભ લઈ પુણ્ય પ્રાપ્ત કર્યું હતું. યજ્ઞ પૂર્ણ થયા બાદ સાંજે મહા આરતીનું આયોજન કરવામાં આવ્યું હતું.મહા આરતી પ્રસંગે પાદરા રંગ અવધૂત પરિવારના ઉપેન્દ્ર ઉપાધ્યાય વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આરતી દરમિયાન મોટી સંખ્યામાં વૈષ્ણવ ભક્તોએ ઉપસ્થિત રહી દર્શન અને આરતીનો લાભ લીધો હતો. ઉલ્લેખનીય છે કે પવિત્ર પુરુષોત્તમ માસ દરમિયાન બેઠક મહાપ્રભુજી મંદિર હવેલી ખાતે વિવિધ ધાર્મિક, સાંસ્કૃતિક અને ભક્તિમય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

### કોયલી ગ્રામ પંચાયત ખાતે 'સ્વચ્છતા સપ્તાહ' અને 'જન કલ્યાણ શિબીર યોજાઇ



**પાદરા :** પાદરા સ્થિત બેઠક મહાપ્રભુજી મંદિર હવેલી ખાતે પવિત્ર પુરુષોત્તમ માસ અંતર્ગત VYS ગ્રુપ દ્વારા પુરુષોત્તમ યજ્ઞનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. ધાર્મિક વાતાવરણ વચ્ચે યોજાયેલા આ યજ્ઞમાં મોટી સંખ્યામાં વૈષ્ણવ ભક્તોએ ઉપસ્થિત રહી ધર્મલાભ મેળવ્યો હતો. યજ્ઞનો પ્રારંભ બપોરે ૩ કલાકે થયો હતો. પાદરાના વિદ્વાન બ્રાહ્મણ સપન જોષી સહિત કુલ ૭ બ્રાહ્મણોના વૈદિક મંત્રોચ્ચાર સાથે યજ્ઞવિધિ સંપન્ન કરવામાં આવી હતી. યજ્ઞમાં ૭ યુગલો તેમજ ૫ બહેનોએ યજમાન તરીકે લાભ લઈ પુણ્ય પ્રાપ્ત કર્યું હતું. યજ્ઞ પૂર્ણ થયા બાદ સાંજે મહા આરતીનું આયોજન કરવામાં આવ્યું હતું.મહા આરતી પ્રસંગે પાદરા રંગ અવધૂત પરિવારના ઉપેન્દ્ર ઉપાધ્યાય વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આરતી દરમિયાન મોટી સંખ્યામાં વૈષ્ણવ ભક્તોએ ઉપસ્થિત રહી દર્શન અને આરતીનો લાભ લીધો હતો. ઉલ્લેખનીય છે કે પવિત્ર પુરુષોત્તમ માસ દરમિયાન બેઠક મહાપ્રભુજી મંદિર હવેલી ખાતે વિવિધ ધાર્મિક, સાંસ્કૃતિક અને ભક્તિમય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

### પાદરામાં બેઠક મહાપ્રભુજી મંદિર હવેલી ખાતે છાકલીલા મનોરથનું આયોજન

**પાદરા :** પાદરા શહેરના ધાર્મિક અને વૈષ્ણવ પરંપરાના કેન્દ્ર સમાન બેઠક મહાપ્રભુજી મંદિર હવેલી તથા વિઠ્ઠલનાથજી હવેલી ખાતે તા. ૧૫/૦૬/૨૦૨૬, સોમવારના રોજ ભક્તિભાવ અને ધાર્મિક ઉલ્લાસ સાથે છાકલીલા મનોરથનું આયોજન કરવામાં આવ્યું છે. આ ધાર્મિક કાર્યક્રમ VYS ગ્રુપ માસિક બચત ગ્રુપના સહયોગથી યોજાશે. આયોજન મુજબ સવારે ૫ થી ૭ વાગ્યા દરમિયાન બેઠક મહાપ્રભુજી મંદિર હવેલી ખાતે તથા સવારે ૬ થી ૮ વાગ્યા દરમિયાન વિઠ્ઠલનાથજી હવેલી ખાતે છાકલીલા મનોરથના દર્શનનો લાભ વૈષ્ણવ ભક્તોને મળશે. આ પ્રસંગે ઠાકોરજીને વિશેષ શણગાર, ભોગ અને મનોરથ દ્વારા સેવાઓ અર્પણ કરવામાં આવશે. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વૈષ્ણવ ભક્તો ઉપસ્થિત રહી દર્શનનો લાભ લે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી છે. આયોજકોએ તમામ વૈષ્ણવ ભક્તોને છાકલીલા મનોરથમાં સહપરિવાર ઉપસ્થિત રહી ધર્મલાભ લેવા માટે ભાવભર્યું આમંત્રણ પાઠવ્યું છે.

---

#### ડભોઈ નગરપાલિકાની પ્રથમ સામાન્ય સભા શાંતિ પૂર્ણ રીતે યોજાઈ

## ડભોઈ નગરપાલિકામાં પદ વહેંચણી, સમાજ અને વોર્ડ સમીકરણોને અપાયું પ્રાધાન્ય

(પ્રતિનિધિ) ડભોઈ, તા.12

ડભોઈ નગરપાલિકા માં કોંગ્રેસ પક્ષ દ્વારા શાસન ની ધુરા સંભાળ્યા બાદ આજે પ્રથમ સામાન્ય સભા નગરપાલિકા ના પ્રમુખ પુષ્પા બેન રાવલ ની અધ્યક્ષતામાં યોજાઈ હતી જેમાં કોંગ્રેસ પક્ષ ના ૨૦ સદસ્યો અને ભાજપ ના ૧૫ સભ્યો હાજર રહ્યા હતા પ્રથમ નગરપાલિકા ની સામાન્ય સભા માં સમિતિ ઓ ની નિમંણૂક કરવામાં આવી હતી જેમાં કોંગ્રેસ પક્ષ દ્વારા સમાજ જ્ઞાતી અને વોર્ડ ના રાજકારણ ને સાચવવા નો પ્રયાસ કરાયો છે ડભોઈ નગરપાલિકા ના કારોબારી ચેરમેન તરીકે અફજલ કાબાવાલા





ની વરણી કરાઈ છે જયારે ૧૦,૧૧ તથા૧૩,૧૪, નાણાં પંચ ના ચેરમેન તરીકે સિનિયર સદસ્યા શિતલ પટેલ, ટાઉન પ્લાનીંગ સુનીલ વસાવા, શહેરી વિકાસ અજય રાઠવા, ડ્રેનેજ સમિતિ ઈમરાના બેન વાણીયાવાળા, લાઈટ સમિતિ સલીમ ઘાંચી,વારીગૃહ મંજૂર હુશેન સલાટ, મનોરંજન કર સમિતિ સમીરા બાનુ અન્સાર, લીગલ સમિતિ સાનીયાબાનુ હવેલીવાલા, સેનેટરી સમિતિ પ્રકાશ વસાવા, બગીચા સમિતિ નસલીન બાનુ મન્સૂરી, ટુર્નામેન્ટ, રમતગમત સાંસ્કૃતિક મોહસીન ખાન કડીયા, જિલ્લા આયોજન મંડળ કમલેશ પા.વા, યુ સી.ડી જેતુનબેન મન્સૂરી, સામાજિક ન્યાય સમિતિ ઉર્મિલા બેન શર્મા, વાહનસમિતિ આયશાબાનુ કાકુજીવાલા, બાંધકામ સમિતિ મરજીના બાનુ મન્સુરી, ફાયનાન્સ સમિતિ નૂરમહંમદ મહુડાવાળા, મલેરિયા કુણાલ તડવી, યુ.બી.એસ કોકીલા બેન સુથાર, વડોદરા જિલ્લા કેળવણી મંડળ મોહસીન ખાન કડીયા, ગુજરાત નગરપાલિકા પરીષદ પુષ્પા બેન રાવલ અને શિતલ પટેલ, રેફરલ હોસ્પિટલ પુષ્પા બેન રાવલ, સયાજી સાર્વજનિક પુસ્તકાલય મોહસીન ખાન કડીયા, વડોદરા જિલ્લા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા અજય રાઠવા, ખેતીવાડી બજાર સમિતિ નૂરમહંમદ મહુડાવાળા, કોંગ્રેસ પક્ષના નેતા સુભાષ ભોજવાણી અને દંડક યોગેશ ઠાકોર ની વરણી કરાઈ છે.

## કરજણ તાલુકા પંચાયતના સામાજિક ન્યાય સમિતિના સભ્યો નિમાયા

(પ્રતિનિધિ) કરજણ, તા.12

તાલુકા પંચાયતની પ્રથમ બેઠકમાં તમામ મુદ્દા સર્વસંમતિથી મજૂર કરાયા કરજણ તાલુકા પંચાયત ની પ્રમુખ ઉપપ્રમુખની ચૂંટણી બાદ આજે પંચાયતની પ્રથમ બેઠક મળી હતી. જેમાં કારોબારી સમિતિ અને સામાજિક સમિતિ ની સર્વસંમતિથી રચના કરવામાં આવી.

પ્રાપ્ત માહિતી અનુસાર કરજણ તાલુકા પંચાયતની ચૂંટણીમાં ભાજપની સ્પષ્ટ બહુમતી મળી હતી ત્યાર બાદ પ્રમુખ ઉપપ્રમુખની નિયુક્તિ ભાજપ દ્વારા કરવામાં આવી હતી. તાલુકા પંચાયતની પ્રથમ બેઠક તાલુકા પંચાયતના પ્રમુખ રોશનીબેન જયદીપસિંહ રણાની અધ્યક્ષતા માં મળી હતી. તાલુકા વિકાસ અધિકારી પાયલબેન



ચૌધરીએ એજન્ડા મુજબ કારોબારી સમિતિ અને સામાજિક ન્યાય સમિતિની રચના ભાજપના મહામંત્રી જયદીપસિંહ ચૌહાણ અને બ્રિજેશ પટેલ જિલ્લા ભાજપનો મેન્ડેડ લઈને આવ્યા પ્રદેશ ભાજપ દ્વારા કારોબારી ચેરમેન તરીકે ચિરાગ પટેલની અને સામાજિક ન્યાય સમિતિના ચેરમેન તરીકે ઉમેશ વસાવાની નિમણૂક સર્વાનુમતે બેઠકમાં પસાર કરવામાં આવી હતી જેમાં કારોબારી સમિતિમાં નવ સભ્યો અને સામાજિક ન્યાય સમિતિમાં પાંચ સભ્યોની સમિતિ બનાવવામાં આવી હતી.

---

#### ૨૫ વર્ષ પહેલાં ફાળવાયેલા આવાસો પૂર્વ સૂચના વિના તોડ્યાનો આક્ષેપ

## મેરાકુવામાં ૧૯ સરદાર આવાસો JCBથી તોડી પાડતાં વિવાદ: લાભાર્થીઓની તપાસની માંગ

(પ્રતિનિધિ) સાવલી, તા.12

મેરાકુવા પંચાયત ના રાતડીયા પાસે 19 જુના સરદાર આવાસો JCBથી તોડી નાખતા માહોલ તંગ બનતા ગરમાઇ ગયો છે, બનાવવાની જાણ સ્થાનિક અધિકારીને કરતા તાલુકા વિકાસ અધિકારી ઘટના સ્થળે રવાના થયા છે. આતુના મુવાડાના આવાસ ના લાભાર્થીઓએ ડેસર તાલુકા પંચાયત ખાતે આવેદનપત્ર આપી મેરાકુવા સરપંચ સામે ઉચ્ચ સ્તરીય તપાસની માંગણી કરી ડેસર તાલુકાના આતુના મુવાડાના લાભાર્થીઓના સરદાર આવાસ યોજના હેઠળ વર્ષો પહેલા તેઓના વિસ્તારના ગામો વરસડા પંચાયતમાં લાગતા હતા તે દરમિયાન સરદાર





આવાસ ફાળવવામાં આવ્યા હતા તમામ લાભાર્થીઓ પાસે પોતાની જમીન ન હોવાથી સરકારી પડતર જમીનમાં તે વખતના સરપંચ દ્વારા પ્લોટીંગ કરીને સરદાર આવાસ બાંધવા માટે આપી હતી બે વર્ષ આ આવાસો માં તકલીફ વેઠીને લાભાર્થીઓ પરિવાર સાથે રહ્યા હતા પરંતુ રોડ રસ્તા વીજળી પાણીની સતત અસુવિધાના કારણે આવાસોમાં લાભાર્થીઓ રહેતા ન હતા આવા આવાસોને ગેરકાયદેસર રીતે તોડી પાડવામાં આવ્યા હોવાથી ડેસર તાલુકા વિકાસ અધિકારીને આવેદનપત્ર આપી રજૂઆત કરવામાં આવી હતી આ મામલે જવાબદારો સામે તપાસ કરી કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠવા પામી છે. 19 પરિવારોને આશરે 25 વર્ષ અગાઉ સરદાર આવાસ યોજના હેઠળ રહેણાંક મકાનો ફાળવવામાં આવ્યા હતા. લાભાર્થીઓએ તે સમયે તંત્રના માર્ગદર્શન મુજબ નિર્ધારિત સ્થળે પોતાના આવાસોનું નિર્માણ કરી વસવાટ પણ શરૂ કર્યો હતો.

## ડભોઈ પંથકના ખેડૂતો જુવારના ટેકાના ભાવ માટે ખેડૂતોની માંગ

(પ્રતિનિધિ) ડભોઇ, તા.12

ડભોઈ પંથકના ખેડૂતો પાસેથી સરકાર દ્વારા જુવારની ખરીદીનો જથ્થો હેકટર દીઠ લેવાતો હોય ડભોઈ એ.પી.એમ.સી. ખાતે વિસ્તારના ખેડૂતોએ એક દિવસીય ધરણા યોજી રેલી સ્વરૂપે પ્રાંત કચેરી ખાતે જઈ આવેદન પત્ર સુપ્રત કરી વહેલી તકે ન્યાય મળે તેવી વિનંતી કરેલ છે.

જગત ના તાત ને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે તાજેતરમાં જ ગુજરાત સરકારના નાગરિક પુરવઠા અને ગ્રાહકોના વિભાગ દ્વારા ખેડૂતો પાસેથી જુવારની ખરીદી હેક્ટર દીઠ કરવાનો ચાલુ કર્યો હતો. આ સરકારનો નિર્ણય ખેડૂત વિરોધી હોય ડબલ પંથકના ખેડૂતોએ આજરોજ એપીએમસી ખાતે મોટી સંખ્યામાં એકત્ર થઈ એક દિવસ એ ધરણાં યોજી સાથે રેલી સ્વરૂપે પ્રાંત કચેરી ખાતે પહોંચી આવેદનપત્ર સુપ્રત કર્યું હતું. આવેદન માં જણાવ્યા પ્રમાણે અગાઉ ઠરાવ ક્રમાંક FCSCAD MIS/E FILE-5/2025/1466/C સચિવાલય ગાંધીનગર દ્વારા પ્રત્યેક ખેડૂત દીઠ 1000 કિલોગ્રામ નો જથ્થો ખરીદવા માટે તારીખ 1 6 2026 ના રોજ હુકમ કરેલ હતો જેનો વિરોધ થતાં નવો સુધારો ખાતા દીઠ 1700 કિલો ખરીદવાનો ઠરાવ સરકાર દ્વારા કરવામાં આવ્યો. પરંતુ આ ઠરાવો પણ ખેડૂતોની કમર તોડવાનું કામ કરતો હોય એવો જ પુરવાર થયો છે ત્યારે ખેડૂતોનું કહેવું છે કે અગાઉ પ્રતિ હેક્ટરએ 1850 કી.ગ્રા.નો જથ્થો ખરીદવા માટે હુકમ કર્યો હતો,તે જ આધારે ફરી શરૂ કરવામાં

### લોકપ્રિય બેટલ રોયલ ગેમ બેટલગ્રાઉન્ડ્સ વડોદરામાં રમાશે

**વડોદરા :** ભારતની સૌથી લોકપ્રિય બેટલ રોયલ ગેમ બેટલગ્રાઉન્ડ્સ મોબાઈલ ઈન્ડિયા (BGMI) હવે વડોદરામાં વાસ્તવિક દુનિયામાં જીવંત થવા જઈ રહી છે. ગુવાહાટીમાં સફળ શરૂઆત બાદ BGMI Hot Drop ઈવેન્ટ 14 જૂન, 2026ના રોજ વડોદરાના ઈનોરબિટ મોલ ખાતે યોજાશે, જ્યાં ગેમિંગ ચાહકો, ખેલાડીઓ અને પ્રથમ વખત ભાગ લેનારા મુલાકાતીઓ માટે અનોખો અનુભવ તૈયાર કરવામાં આવ્યો છે. ક્રાફ્ટોન ઈન્ડિયાના આયોજન હેઠળ યોજાનારી આ ઈવેન્ટમાં પ્રવેશ સંપૂર્ણપણે નિ:શુલ્ક રહેશે. સવારે 11 વાગ્યાથી સાંજે 8 વાગ્યા સુધી ચાલનારી આ ઈવેન્ટમાં મુલાકાતીઓ BGMIથી પ્રેરિત વિવિધ ઈન્ટરેક્ટિવ ઝોનમાં ભાગ લઈ શકશે.

---

## છોટાઉદેપુર જિલ્લામાં રૂ.૩.૨૧ કરોડના વિદેશી દારૂનો જથ્થો નાશ

(પ્રતિનિધિ) બોડેલી, તા.12

ઈમ્તિયાઝ શેખ, પોલીસ અધિક્ષક, છોટાઉદેપુર નાઓની સુચના મુજબ હર્ષ શર્મા, મદદનીશ પોલીસ અધિક્ષક, બોડેલી ડીવીઝન, બોડેલી તથા કે.એચ. સુર્યવંશી, નાયબ પોલીસ અધિક્ષક, છોટાઉદેપુર ડિવીઝન, છોટાઉદેપુર તથા સુ.શ્રી મુસ્કાન ડાગર, મદદનીશ કલેકટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, છોટાઉદેપુર ડીવીઝન, છોટાઉદેપુર તથા સુ.શ્રી ભુમિકા રાઓલ, નાયબ કલેકટર અને સબ ડીવીજનલ મેજીસ્ટ્રેટશ્રી, બોડેલી ડીવીઝનલ, બોડેલી નાઓની અધ્યક્ષતા હેઠળ એમ.ડી. મસ્કે, નશાબંધી અને આબકારી અધિકારી વિભાગ, છોટાઉદેપુર તથા છોટાઉદેપુર જિલ્લાના તમામ થાણા અમલદાર નાઓની હાજરીમાં છોટાઉદેપુર જીલ્લાના



વર્ષ-૨૦૨૫-૨૦૨૬માં કરાલી, જેતપુરપાવી, કદવાલ, છોટાઉદેપુર, ઝોઝ, રંગપુર, પાનવડ, કવટ, બોડેલી, સંખેડા, નસવાડી મળી કુલ-૧૧ પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ ભારતીય બનાવટના વિદેશી દારૂના કુલ કેસો- ૪૧૨ ની અલગ-અલગ બ્રાન્ડની નાની મોટી બોટલો તથા બિયરો મળી કુલ નંગ-૧,૩૩,૦૫૯ કુલ કિ.રૂ.૩,૨૧,૧૯,૫૬૫/- ના પ્રોહ મુદામાલનો નામદાર કોર્ટમાંથી પરવાનગી મેળવી કરાલી પો.સ્ટે. ની સામેની ખુલ્લી જગ્યામાં પુરતા પોલીસ બંદોબસ્ત સાથે નાશ કરવામાં આવ્યો.

#### નસવાડીમાં બોગસ ડોક્ટરોનો રાફડો?

## બોગસ ડોક્ટર સામે પોલીસ કાર્યવાહી, દવાઓનો જથ્થો જપ્ત

(પ્રતિનિધિ) નસવાડી, તા.12

નસવાડી તાલુકાના કાંધા ગામે બોગસ ડોક્ટરો વિરુદ્ધ નસવાડી પોલીસ સ્ટેશન માં ફરિયાદ નોંધાઈ સેંગપૂર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ના ડોક્ટરો એ નસવાડી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા. બોગસ ડોક્ટરો માં ફફડાટ બોગસ ડોક્ટર પાસે એલોપેથીક દવા કબ્જે લેવામાં આવી જ્યારે દવાખાના માં 4 જેટલા પલંગો દવાખાના દાખલ કરવામાં માટે આવ્યા તે કબજે લેવામાં ન આવ્યા પોલીસ એ બોગસ ડોક્ટર ની ધરપકડ કરી આ ડોક્ટર પશ્ચિમ બંગાળનો હોવાનું બહાર આવ્યું.



નસવાડી તાલુકામાં હજુ પણ 5 જેટલા ગામોમાં બોગસ ડોક્ટરો હોવા છતાંય આરોગ્ય વિભાગ બોગસ ડોક્ટરોને પકડવાની કામગીરી કરતું નથી. નસવાડી તાલુકાના કાંધા ગામે નવજીવન દવાખાનાનું બોર્ડ મારી પ્રોદીપ સુકુમાર મૂળ રિવાસી ચાંદપર તાલુકો બોરખપુર પશ્ચિમ બંગાળનો છેલ્લા 3 વર્ષથી મેડિકલ અભ્યાસ ના ખોટા સર્ટિફિકેટ લગાવી વગર ડીગ્રી એ દવાખાનું ખોલી એલોપેથીક દવાઓ ની પ્રેક્ટિસ અને બોટલ ઈન્જેક્શન દવા અને દર્દીઓને દવાખાના માં દાખલ કરીને સારવાર કરતો હતો અને આદિવાસી સમાજ ના સ્વસ્થ સાથે છેડા કરતો હતો.

## શિનોર તાલુકાપંચાયતની સામાજિક ન્યાય સમિતિના ચેરમેન નિમાયા

(પ્રતિનિધિ) શિનોર, તા.12

શિનોર તાલુકા પંચાયતની સામાજિક ન્યાય સમિતિના ચેરમેન તરીકે મીનાબેન અલ્પેશભાઈ વસાવાની નિમણૂક થતાં શિનોર તાલુકા વસાવા સમાજની ટીમ તથા પૂર્વ તાલુકા પંચાયત ઉપ પ્રમુખ જાગૃતિબેન વસાવા ધ્વારા ફુલહાર પહેરાવી અભિનંદન પાઠવી તેમના કાર્યકાળ માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

શિનોર તાલુકા પંચાયત ની ચૂંટણીમાં સેગવા બેઠક પરથી ભારતીય જનતા પાર્ટી ના મેન્ડેટ પર થી ચૂંટણી લડી મીનાબેન અલ્પેશભાઈ વસાવાએ ભવ્ય જીત મેળવી હતી.આ ભવ્ય જીત મેળવ્યા બાદ ભારતીય જનતા પાર્ટી દ્વારા શિનોર તાલુકા પંચાયત ની સામાજિક ન્યાય સમિતિના ચેરમેન તરીકે મીનાબેન અલ્પેશભાઈ વસાવાને મેન્ડેટ આપવામાં આવતાં ગતરોજ શિનોર તાલુકા પંચાયત કચેરી ખાતે શિનોર તાલુકા પંચાયત પ્રમુખ હિનાબેન રોહિત ભાઈના અધ્યક્ષ સ્થાને યોજાયેલ પ્રથમ સામાન્ય સભામાં સામાજિક ન્યાય સમિતિના ચેરમેન તરીકે મીનાબેન અલ્પેશભાઈ વસાવા ની નિમણૂક કરવામાં આવી હતી.જેને લઈને આદિવાસી સમાજમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.

સામાજિક ન્યાય સમિતિના ચેરમેન તરીકે મીનાબેન અલ્પેશભાઈ વસાવા ની નિમણૂક કરવામાં આવતા જ શિનોર તાલુકા વસાવા સમાજ ના પ્રમુખ લલિતચંદ્ર વસાવા તેમની ટીમ તથા પૂર્વ તાલુકા પંચાયત ના ઉપ પ્રમુખ જાગૃતિબેન વસાવાને શુભેચ્છાઓ પાઠવી હતી.

---

#### આશા બહેનો દ્વારા ઘરે-ઘરે જઈને ઓ.આર.એસ. પેકેટ અને ઝિંક ટેબ્લેટનું વિતરણ

## વડોદરા ગ્રામ્યમાં બાળમૃત્યુ દર ઘટાડવા ૩૧ જુલાઈ સુધી 'સ્ટોપ ડાયેરિયા કેમ્પેઈન'

(પ્રતિનિધિ) વડોદરા, તા.12

વડોદરા ગ્રામ્ય વિસ્તારમાં બાળમૃત્યુના પ્રમાણમાં નોંધપાત્ર ઘટાડો લાવવા તેમજ પાંચ વર્ષથી ઓછી ઉંમરના બાળકોને સમયસર અને અસરકારક સારવાર ઉપલબ્ધ કરાવવાના ઉદ્દેશ્ય સાથે આરોગ્ય વિભાગ, વડોદરા દ્વારા તા. ૦૧ જૂનથી "સ્ટોપ ડાયેરિયા કેમ્પેઈન"નો પ્રારંભ કરવામાં આવ્યો છે, જે તા. ૩૧ જુલાઈ સુધી ચાલશે.

બાળકોમાં થતા ઝાડા એ બાળમૃત્યુ માટે જવાબદાર મુખ્ય પરિબળોમાંનું એક છે, જેને અટકાવવા માટે આ ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી રહી છે. નેશનલ ફેમિલી હેલ્થ સર્વે-૫ મુજબ ગુજરાત રાજ્યમાં બાળકોમાં થતા ઝાડાનો વ્યાપ ૮.૨ ટકા છે, જે દેશના સરેરાશની સરખામણીએ ચિંતાજનક છે. આ પરિસ્થિતિને ધ્યાને રાખીને બાળકોમાં થતા ઝાડાને અટકાવવાના પ્રયાસો, તેની સચોટ સારવાર અને યોગ્ય વ્યવસ્થાપન દ્વારા બાળમૃત્યુ દરમાં ઘટાડો લાવવા વડોદરા જિલ્લા તંત્ર કટિબદ્ધ બન્યું છે.

આ બે મહિના સુધી ચાલનારા લાંબા અભિયાન અંતર્ગત પાંચ વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે ઓ. આર. એસ. પેકેટ અને ઝિંક ટેબ્લેટ સરળતાથી ઉપલબ્ધ થાય તેવી સચોટ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. જિલ્લાના તમામ સામુદાયિક આરોગ્ય કેન્દ્રો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, અર્બન હેલ્થ સેન્ટર્સ, સબ સેન્ટરો તેમજ આશા ક્લિનિક/આંગણવાડી કેન્દ્રો ખાતે આ દવાઓનો પૂરતો જથ્થો ઉપલબ્ધ કરાવવામાં આવી રહ્યો છે. આ ઉપરાંત, ગ્રામ્ય સ્તરે આશા વર્કર બહેનો દ્વારા રૂબરૂ ઘરે-ઘરે જઈને ઓ. આર. એસ. પેકેટ અને ઝિંક ટેબ્લેટનું વિતરણ કરવામાં આવશે.

અભિયાન દરમિયાન માત્ર દવાઓનું વિતરણ જ નહીં, પરંતુ આરોગ્ય સ્ટાફ દ્વારા બાળકના માતા-પિતા અને પરિવારજનોને ઝાડાનું નિવારણ, ઘરેલુ સારવાર અને વ્યક્તિગત તેમજ આસપાસની સ્વચ્છતા અંગે પૂરતી જાગૃતિ આપવામાં આવશે. આ માટે સોશિયલ મીડિયાના માધ્યમથી પણ સઘન પ્રચાર-પ્રસાર કરવામાં આવી રહ્યો છે.

## નસવાડીમાં જળસંપત્તિનો બેફામ બગાડ, તંત્રની ઘોર લાપરવાહી

**119 ગામોને** પાણી આપતી પોચંબા યોજના સામે સવાલો

(પ્રતિનિધિ) નસવાડી, તા.12

નસવાડીના સ્ટેશન વિસ્તારમાં પીવાના પાણી વિતરણ માટે બનાવવામાં આવેલ સંપ ભરાઈ જતા લાખો લીટર ફિલ્ટર વાળું શુદ્ધ પાણી કોતરો માં વહી ગયું. નસવાડી તાલુકાની પોચંબા પાણી પુરવઠા યોજના, જે 119 ગામોને નર્મદા નદીનું શુદ્ધ અને ફિલ્ટર કરેલું પીવાનું પાણી પૂરું પાડવા માટે કરોડો રૂપિયાના ખર્ચે નિર્માણ પામી છે, તેમાં પાણીના વિતરણ વ્યવસ્થાપનમાં ઘોર બેદરકારીનો કિસ્સો એક પછી એક પ્રકાશમાં આવી રહ્યો છે. તાજેતરમાં, નસવાડી સ્ટેશન વિસ્તારમાં આવેલ પીવાના પાણીના વિતરણ



માટેનો મુખ્ય સંપ (ટાંકી) સંપૂર્ણપણે ભરાઈ ગયો હતો, જેના કારણે લાખો લિટર શુદ્ધ અને ફિલ્ટર થયેલું પાણી કોતરો અને નકામા વિસ્તારોમાં વહી ગયું હતું આ ઘટનાએ એક તરફ સરકારી નાણાંનો અપવ્યય દર્શાવ્યો છે, તો બીજી તરફ પાણીની અછતનો સામનો કરી રહેલા અનેક ગામોના લોકો માટે ગંભીર ચિંતાનું વાતાવરણ સર્જ્યું છે. આ પોચંબા પાણી પુરવઠા યોજના થકી નસવાડી સ્ટેશન વિસ્તારના આશરે 4000 રહેવાસીઓ તેમજ નજીકના કુંકાવટી ગામને ફિલ્ટર કરેલું શુદ્ધ પાણી મળતું રહે છે.

### સાવલીના ધારાસભ્ય મંજુસર GIDCની Hilti ઈન્ડસ્ટ્રીની મુલાકાત લીધી

**વડોદરા :** આજરોજ વડોદરા જિલ્લાના સાવલી તાલુકાના મંજુસર GIDC ખાતે 'પ્રગતિ પથ યાત્રા' અંતર્ગત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સાવલી વિસ્તારના ધારાસભ્ય કેતનભાઈ ઈનામદારે મંજુસર GIDC ખાતે કાર્યરત Hilti ઈન્ડસ્ટ્રીની રૂબરૂ મુલાકાત લીધી હતી. દેશના આર્થિક અને ઔદ્યોગિક વિકાસની પ્રક્રિયામાં વડોદરા જિલ્લાની પ્રત્યક્ષ ભાગીદારીને સમજવા આ યાત્રામાં ધારાસભ્યની સાથે પ્રાંત અધિકારી, મામલતદાર તેમજ તાલુકા વિકાસ અધિકારી (TDO) સહિતના ઉચ્ચ સરકારી વહીવટી અધિકારીઓ પણ સહભાગી થયા હતા. પ્લાન્ટની કાર્યપ્રણાલી,મેક ઈન ઈન્ડિયામા કંપનીનું યોગદાના, ટેકનોલોજી ક્ષેત્રે મહિલાઓની ભાગીદારી સહિત વિવિધ જરૂરી પાસાઓ વિશે ચર્ચા કરવામાં આવી હતી.